શેરબજારમાં વોટ્સએપથી 'પંપ એન્ડ ડમ્પ' કૌભાંડ

અમદાવાદ, ગાંધીનગર, સુરત, ભાવનગર સહિત ૬ શહેરોમાં ઈડીના ૨૯ સ્થળે દરોડા, રૂ. ૨૦૦ કરોડનાં ટ્રેડિંગ એકાઉન્ટ ફ્રીઝ કર્યા

આરએમ ડ્રીપ અને સ્પીન્કલર્સ સિસ્ટમ્સ લી. અને આર એન્ડ બી ડેનિમ્સ લી.ના શેરમાં ભાવ કૃત્રિમ રીતે વધારી રોકાણકારોને ફસાવ્યાની આશંકા

ગુજરાતના ભાવનગરથી ચાલતાં હતાં 'મલ્ટિબેગર સ્ટોક્સ'નાં વોટ્સએપ ગ્રૂપ

ગાંધીનગરઃ શેરબજારમાં સામાન્ય રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપીને ફસાવવાના કથિત 'પંપ એન્ડ ડમ્પ' કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મોટી કાર્યવાહી કરી છે. વોટ્સએપ ગ્રૂપ અને અન્ય સામાજિક માધ્યમો દ્વારા બે લિસ્ટેડ કંપનીઓના શેરના ભાવ કૃત્રિમ રીતે વધારીને રોકાણકારોને ઊંચા ભાવે શેર ખરીદવા પ્રેરિત કરવાના મામલે ઈડીની ટીમે મુંબઈ, નાશિક, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને ભાવનગરમાં કુલ ૨૯ સ્થળોએ દરોડા પાડ્યા છે.

આ કાર્યવાહી દરમિયાન સંબંધિત કૌભાંડકારો અને સંસ્થાઓનાં આશરે રૂ. ૨૦૦ કરોડનાં ટ્રેડિંગ એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યાં છે. દરોડામાં વાંધાજનક દસ્તાવેજો, ડિજિટલ સાધનો, શેરના વ્યવહારોના રેકોર્ડ અને મિલકતને લગતા દસ્તાવેજો પણ જપ્ત કરાયા છે. ઈડીની મુંબઈ ઝોનલ ઓફિસે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA), ૨૦૦૨ હેઠળ આ કાર્યવાહી હાથ ધરી હતી. તપાસનો સંબંધ આર એમ ડ્રીપ અને સ્પીન્કલર્સ સિસ્ટમ્સ લી. અને આર એન્ડ બી ડેનિમ્સ લી.ના શેરમાં કથિત ભાવચેડાં સાથે છે. તપાસના ભાગરૂપે બંને કંપનીઓની ઓફિસો, પ્રમોટરોના નિવાસસ્થાનો, શેરબજારના વ્યવહારો સાથે જોડાયેલી સ્ટોક બ્રોકિંગ અને નાણાકીય કંપનીઓ તથા કથિત વોટ્સએપ ગ્રૂપ ચલાવતા લોકોનાં સ્થળોની તપાસ કરવામાં આવી હતી.

પારિવારિક જોડાણ ધરાવતા લાભાર્થી જૂથોની ઓળખ

દરોડા દરમિયાન ઈડીની ટીમે 'Affluence Gems', 'Kawa HUF' અને 'Komalay Consultancy' સહિતનાં નામો સાથે જોડાયેલા લાભાર્થી જૂથોની ઓળખ કરી હોવાનું જણાવ્યું છે. તપાસ મુજબ, આ જૂથો સાથે સંકળાયેલા લાભાર્થીઓએ લક્ષિત શેર ઓછા ભાવે મેળવ્યા હતા અને ત્યારબાદ વિવિધ માધ્યમો દ્વારા શેરના ભાવ વધારવાના પ્રયાસો થયા હતા. જોકે, આ સમગ્ર વ્યવહારમાં દરેક વ્યક્તિ કે સંસ્થાની ચોક્કસ ભૂમિકા અંગેની તપાસ હજુ ચાલુ છે. ઈડીની ટીમે સંબંધિત કૌભાંડકારો અને સંસ્થાઓનાં આશરે રૂ. ૨૦૦ કરોડનાં ટ્રેડિંગ એકાઉન્ટ ફ્રીઝ કરવાની સાથે ડિજિટલ ઉપકરણો, શેરના વ્યવહારોના દસ્તાવેજો અને મિલકત સંબંધિત રેકોર્ડ પણ કબજે કર્યા છે. આ કાર્યવાહીથી શેરબજારમાં સોશિયલ મીડિયા મારફતે થતી કથિત ભાવચેડાંની પદ્ધતિ ફરી ચર્ચામાં આવી છે. સમગ્ર મામલે ઈડીની વધુ તપાસ ચાલુ

સસ્તા ભાવે ૩.૫ કરોડથી વધુ શેરની ફાળવણી

ઈડીની તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ દરમિયાન બંને કંપનીઓએ પસંદગીના લોકો અને સંસ્થાઓને પ્રેફરન્શિયલ એલોટમેન્ટ મારફતે ૩.૫ કરોડથી વધુ શેર અને કન્વર્ટિબલ વોરન્ટ્સ ફાળવ્યાં હતાં. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, આ ફાળવણીનો મોટો હિસ્સો એકબીજા સાથે જોડાયેલા લોકો, ફર્મો અને ધિરાણકર્તાઓના મર્યાદિત વર્તુળ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ શેરના ભાવમાં વધારો થવાની પ્રક્રિયા અને વોટ્સએપ ગ્રૂપ મારફતે ચાલેલી ખરીદીની ભલામણો વચ્ચેના સંબંધની તપાસ હાથ ધરવામાં આવી છે.

'મલ્ટિબેગર સ્ટોક્સ'ના નામે રોજ ખરીદીની ટિપ્સ

ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન 'મલ્ટિબેગર સ્ટોક્સ' જેવાં નામ ધરાવતા વોટ્સએપ ગ્રૂપ દ્વારા છૂટક રોકાણકારોને આ બંને શેર ખરીદવાની રોજિંદી ટિપ્સ આપવામાં આવતી હતી. EDના જણાવ્યા મુજબ, આ ગ્રૂપ હરિયાણા અને મુંબઈનાં નામે મેળવેલા સિમ કાર્ડથી ચલાવવામાં આવતાં હતાં, જ્યારે તેનું સંચાલન ગુજરાતના ભાવનગરથી થતું હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. વોટ્સએપ ઉપરાંત ટ્વિટર (X), એસએમએસ સહિતનાં માધ્યમો દ્વારા પણ શેર ખરીદવા માટે પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રચારને પગલે સંબંધિત શેરોમાં ખરીદદારોની સંખ્યા અને વેપારનું પ્રમાણ વધ્યું હતું, જેના કારણે ભાવમાં પણ ઉછાળો આવ્યો હતો. બીજી તરફ, શેરના ભાવમાં વધારો થતો હોવા છતાં કંપનીઓના શેર લાંબા સમય સુધી લગભગ એક જ સ્તરે રહેતા હોવાની વિગતો પણ તપાસમાં સામે આવી છે. ઈડીના તપાસનીશ અધિકારીઓને શંકા છે કે શરૂઆતમાં સસ્તા ભાવે શેર મેળવનાર લોકોએ ભાવ વધ્યા બાદ પોતાના શેર ઊંચા ભાવે સામાન્ય રોકાણકારોને વેચીને મોટો ફાયદો મેળવ્યો હતો. શેરના ભાવ વધારીને પછી શેર વેચી દેવાની આ પદ્ધતિને શેરબજારની ભાષામાં 'પંપ એન્ડ ડમ્પ' કહેવામાં આવે છે.

દિલ્હીમાં પીએમ મોદી સાથે સીએમ ભૂપેન્દ્ર પટેલની મુલાકાત

રાજ્યના ગરીબો, યુવાનો, અન્નદાતાઓ અને નારીશક્તિના જીવનમાં સમૃદ્ધિ લાવવા તથા નવી તકો ઊભી કરવા અંગે માર્ગદર્શન મેળવ્યું

ગાંધીનગરઃ ગુજરાતના વિકાસના એજન્ડા અને રાજ્યના વિવિધ વર્ગોના કલ્યાણના સંકલ્પ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યના ગરીબો, યુવાનો, અન્નદાતાઓ અને નારીશક્તિના જીવનમાં સુખ-સમૃદ્ધિ લાવવા તેમજ તેમના માટે નવી તકોનું સર્જન કરવા અંગે વડાપ્રધાનનું માર્ગદર્શન મેળવ્યું હતું.

મુલાકાત અંગેની માહિતી આપતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી રાજ્યના નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને વિકાસની નવી તકો ઊભી કરવા માટે પાથેય તથા મૂલ્યવાન માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. તેમણે 'વિકસિત ગુજરાત-વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન સાથેની દરેક મુલાકાત નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર કરે છે. રાજ્યના વિકાસને નવી દિશા આપવા અને સમાજના વિવિધ વર્ગોના કલ્યાણ માટે સતત પ્રયાસો કરવાની પ્રેરણા આવી મુલાકાતોથી મળે છે.

આ મુલાકાતમાં ગરીબો, યુવાનો, ખેડૂતો અને મહિલાઓના જીવનમાં સમૃદ્ધિ લાવવાના ધ્યેયને કેન્દ્રમાં રાખીને વિકાસલક્ષી દૃષ્ટિકોણને આગળ વધારવાનો સંદેશ આપવામાં આવ્યો છે. જોકે, મુલાકાત દરમિયાન કોઈ ચોક્કસ નવી યોજના, નાણાકીય ફાળવણી કે નીતિગત નિર્ણયની જાહેરાત કરવામાં આવી હોવાની વિગતો મુખ્યમંત્રીના સંદેશમાં આપવામાં આવી નથી.

દશેરા પહેલા જ અમદાવાદમાં ફાફડા-જલેબીનું વેચાણ શરૂ

- આજે દશેરાએ ફાફડા-જલેબી ખાવાનું ખાસ ચલણ છે પરંતુ અમદાવાદમાં તે પહેલા જ ફાફડા-જલેબી બનાવીને તેનું વેચાણ શરૂ થઈ ગયું હતું.

(તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)

સુડોકુ ૬૬૫૮ 'કૃતિ'

		૫			૭	૨	૩	
૩		૪	૮			૫	૭	૯
૯	૨	૭	૩		૫	૧	૪	૮
૨		૬	૫	૧				
૭	૫		૯	૪	૬			
		૯			૨			૧
			૧					
૪		૮	૨	૭			૬	
	૯	૩	૬		૪	૭	૧	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૬૫૮

૧	૮	૫	૪	૯	૭	૨	૩	૬
૩	૬	૪	૮	૨	૧	૫	૭	૯
૯	૨	૭	૩	૬	૫	૧	૪	૮
૨	૩	૬	૫	૧	૮	૪	૯	૭
૭	૫	૧	૯	૪	૬	૮	૨	૩
૮	૪	૯	૭	૩	૨	૬	૫	૧
૬	૭	૨	૧	૫	૩	૯	૮	૪
૪	૧	૮	૨	૭	૯	૩	૬	૫
૫	૯	૩	૬	૮	૪	૭	૧	૨

ગુજરાત યુનિ.ના ઑનલાઇન અભ્યાસક્રમોમાં ૧,૧૪૩ વિદ્યાર્થીઓને પ્રવેશ

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ પ્રો. ડૉ. જગદીશ જોશીએ જણાવ્યું હતું કે, ઑનલાઇન શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓ ભૌગોલિક અંતર અને સમયની મર્યાદાઓ વિના અભ્યાસ કરી શકે છે. પ્રવેશ મેળવનારા ૧,૧૪૩ વિદ્યાર્થીઓમાં ૭૪૩ વિદ્યાર્થીઓએ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં, જ્યારે બાકીના ૪૦૦ વિદ્યાર્થીઓએ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો છે. સ્નાતક કક્ષાએ બી.કોમ. જનરલમાં સૌથી વધુ ૩૦૧, બી.એ. અંગ્રેજીમાં ૨૪૩ અને બીસીએમાં ૧૯૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. અનુસ્નાતક કક્ષાએ એમ.કોમ. જનરલમાં ૧૬૦, એમ.એ. અંગ્રેજીમાં ૧૫૮ અને એમ.એસસી. મેથેમેટિક્સમાં ૮૨ વિદ્યાર્થીઓ જોડાયા છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ફેફસાંમા પાણી

ગંભીર સમસ્યા છે. અગાથીઓ ઝડપથી ઉગતા ક્ષુપ છે. અતિ ઉપયોગી છે. એના મૂળની છાલ આશરે દશ ગ્રામ લઇ પાનમા મૂકી ચાવી જવું અથવા છૂંદી રસ કાઢી સવાર, સાંજ લેવું. કફ નિકળશે, પરસેવો થશે. પ્લુરાગો બે, બે ગોળી સવાર સાંજ લેવી.

શબ્દગુંફન - ૭૨૭૪

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. નજર ચુકાવી પારકી વસ્તુ ઉઠાવનાર (૫)
૪. વતનથી છૂટા પડવું તે (૪)
૬. ઉંદર (૩)
૭. બડાઇ, શેખી (૪)
૯. મોભો (૪)
૧૦. પ્રતિજ્ઞા (૨)
૧૧. વાર્તા, પવન (૨)
૧૨. તસવીર, ચિત્ર (૨)
૧૪. પાણી, નીર (૨)
૧૫. મૂળ ગામ કે દેશ (૩)
૧૮. કાદવમાં થતું સુગંધ વગરનું સોહામણું ફૂલ (૩)
૧૯. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૨૦. રક્ષણ, આશ્રય (૩)
૨૨. છેવટનું (૩)
૨૩. મુરબ્બી, રક્ષક (૨)
૨૪. કિનાર (૨)
૨૫. ધોળાશ પડતું, રૂપું (૩)
૨૬. પૂંછડિયો તારો (૪)
૨૮. ઉછાળો, જુસ્સો (૨)
૨૯. તીણી બૂમ (૨)
૩૦. પ્રત્યેક, દરેક (૨)
૩૧. સ્નેહ, પ્રેમ (૨)

ઊભી ચાવી

૧. ઊંચું, ખાનદાન (૨)
૨. યોગ્ય, વાજબી (૩)
૩. આનંદી, વિનોદી (૩)
૪. યુક્તિ, કરામત (૪)
૫. રમતા-રમતાં સદાય (૫)
૭. ધનુષની દોરી (૩)
૮. જંગલી, વન્ય (૨)
૧૨. કેશ (૨)
૧૩. ડરપોક (૩)
૧૪. પાણીનું પ્રાણી (૪)
૧૫. જંગલ (૨)
૧૬. બનાવટી (૩)
૧૭. પહેરવેશ (૨)
૧૯. મીઠું (૪)
૨૧. પ્રકાર, પદ્ધતિ (૩)
૨૩. સંભાષણ, ગપ્પાં (૪)
૨૪. ખનિજ દ્રવ્ય (૨)
૨૬. તરંગી (૨)
૨૭. વાળ (૨)
૨૮. બળ, તાકાત (૨)

શબ્દગુંફન ઉકેલ - ૭૨૭૪

ઉ	ઠા	ઉ	ગી	ર	■	હિ	જ	ર	ત
ચ્ચ	■	ચિ	■	મૂ	ષ	ક	■	મ	■
■	પ	ત	રા	જી	■	મ	ર	ત	બો
પ	ણ	■	ની	■	વા	ત	■	વા	■
■	છ	બી	■	જ	ળ	■	વ	ત	ન
વે	■	ક	મ	ળ	■	રા	ન	■	ક
શ	ર	ણ	■	ચ	ર	મ	■	વા	લી
■	સ	■	ધા	ર	■	ર	જ	ત	■
ધૂ	મ	કે	તુ	■	જો	સ	■	ચી	સ
ની	■	શ	■	હ	ર	■	પ્રિ	ત	■

આજનું પંચાંગ

તા. 20/10/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિઃ સુદ:નોમ:- 12:51- શ્રીહરિ જયંત,
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-28 **યોગ :** શૂલ
કરણઃ તૈતિલ **નક્ષત્ર :** શ્રવણ:- 18:02
રાશીઃ મકર (ખ,જ)
દિવસ : સામાન્ય- નવરાત્રોત્થાપન-પારણા- મહાનવમી- દશેરો, બુદ્ધજયંતી-વિજયાદશમી-મુહૂર્ત- 14:20થી 15:06 આયુધપૂજા
સુરતમાં સૂર્યોદય : 06:37 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:10
નવકારસી : 07:25
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 07 ઠો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
રાત્રિનાં ચોઘડિયાંઃ કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
રાહુ કાળ : બપોરેઃ 15:00 થી 16:30 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ઊપરી વર્ગનો સાથ મળવાથી આત્મવિશ્વાસ પૂર્ણ કામ કરવાથી અચાનક નવી તક મળે. આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): નવા ક્રિએટીવ વિચારોથી નવી દિશા મળે. કાયદાકાનૂન બાબતે મદદ મળે. ધાર્મિક પ્રવાસ થાય.

મિથુન (ક,છ,ઘ,): કામનો બોજ વધે. હરીફોથી સાવધાન સરકારી નોકરીયાતે લાલચથી બચવુ. વડીલોની સલાહ માનવી.

કર્ક (ડ,હ,): રોજની આવક વધે. ભાગીદારીમાં પ્રગતિ થાય. જીવન સાથી સાથે સામાજિક કામ પાર પડે.

સિંહ (મ,ટ,): મિત્રો સાથે વિવાદ ટાળવો. આરોગ્ય બાબતે સભાનતા રાખવી. નોકરીમાં નવી જવાબદારી વધશે.

કન્યા (પ,ઠ,ણ,): શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. વિદેશમાં વિદ્યાભ્યાસનો કામમાં પ્રગતિ થાય.

તુલા (ર,ત,): નવા ઘર બાબતે વડીલોની મદદ મળે. માતા-પિતા સાથે ઘર્ષણ ટાળવું. પ્રવાસ થાય.

વૃશ્ચિક (ન,ય,): નવા મિત્રોથી સાવધાન વિવાદથી અશાંતિ પેદા થાય. અચાનક કામમાં ગતિ આવે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. ઉઘરાણી આવી શકે છે. ઘરમાં અવર-જવર વધશે.

મકર (ખ,જ,): ક્રિએટીવ વિચારોથી નવી તક ઊભી થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. ઘરના કામમાં મદદ.

કુંભ (ગ,સ,શ,ષ,): ગુપ્તશત્રુ સતાવે, રોજના કામમાં વિઘ્નો આવે. સંતાનોના કામમાં વિલંબ થાય. ખર્ચા વધે.

મીન (દ,ચ,ઝ,થ,): જીવનસાથી સાથે સામાજિક કામ પાર પડે. મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે.

કોઈ પણ સાલમાં 20 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતીની સાથે નવી તકો ઊભી કરનાર સાબિત થશે. તેમજ આધુનિક ટેક્નોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાથી નવુ શીખવા મળશે. નવી જવાબદારી, સાથે સ્થાનફેર થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. સામાજિક પ્રતિષ્ઠા વધે. નોકરી-ધંધા-વ્યવસાય વગેરેમાં હરીફો વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે અટકેલા કેસ અને કામમાં ગતિ આવશે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પૂર્ણ થાય. સંતાનોના કેરીયર- અભ્યાસમાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વારસા, જાયદાત, જમીન વગેરે કામમાં વડીલોની મદદ મળે. મિત્રોની મદદથી વધારાની આવકની યોજના બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. સ્ત્રી વર્ગ માટે વર્ષ સામાન્ય પણ ઘર-સંતાનોની સમસ્યા વધશે. જૂન-જુલાઈમાં સોમ-ગુરુવારે 02,11,20 અને 29 તારીખે નવા કામ કરવાં સફેદ, ક્રીમ કલરનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ-બુધવારે 05, 08 તારીખે નવા કામ ટાળવો. લીલો, નીલો, કાળો રંગ વાપરવાનું ટાળવુ. ચંદ્રના ઉપાય કરતા રહેવુ.

ઈન્વેસ્ટ માટે હર્ષ સંઘવીની જાપાનમાં ઉદ્યોગપતિઓ સાથે 11 બેઠક

ઓસાકામાં હાઇ-લેવલ રાઉન્ડટેબલ બેઠકની અધ્યક્ષતા કરી જાપાનીઝ ઉદ્યોગપતિઓ સાથે સીધો સંવાદ; સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ભાગીદારી વધારવા ભાર

'જાપાન ઊગતા સૂર્યનો દેશ, ગુજરાત ઊગતી તકોની ભૂમિ'; વાઇબ્રન્ટ ગુજરાત-૨૦૨૭ પહેલાં વિદેશી મૂડી અને ટેકનોલોજી આકર્ષવા રાજ્ય સરકારની કવાયત

ગાંધીનગરઃ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ પહેલાં ગુજરાતમાં વૈશ્વિક રોકાણ ખેંચવાની કવાયતને આંતરરાષ્ટ્રીય મંચ પર આગળ ધપાવતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જાપાનમાં ઉદ્યોગજગત સાથે સીધો મોરચો માંડ્યો છે. જાપાનના ઓસાકા ખાતે તેમની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય 'ઈન્વેસ્ટ ઈન ગુજરાત' રાઉન્ડટેબલ બેઠકમાં ગુજરાત અને જાપાન વચ્ચે વ્યૂહાત્મક ઔદ્યોગિક ભાગીદારી, નવી ટેકનોલોજી અને રોકાણની તકો અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રના ઉદ્યોગપતિઓ સાથે ૧૧ વન-ટુ-વન બેઠકો અને એક રાઉન્ડટેબલ કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રયાસો દ્વારા જાન્યુઆરી-૨૦૨૭માં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ પહેલાં જાપાનની કંપનીઓને ગુજરાતમાં રોકાણ માટે આકર્ષવા અને નવા ઔદ્યોગિક જોડાણો ઊભાં કરવા પર ભાર મૂકાયો હતો.

જાપાનના ઉદ્યોગપતિઓને સંબોધતાં હર્ષ સંઘવીએ ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતા અને રોકાણલક્ષી વાતાવરણ રજૂ કરતાં જણાવ્યું હતું કે, "જાપાન ઊગતા સૂર્યનો દેશ છે અને ગુજરાત ઊગતી તકોની ભૂમિ છે." તેમણે ગુજરાતને 'સ્પીડ, સ્કેલ અને સ્ટેબિલિટી'નું પ્રતીક ગણાવી ઝડપી નિર્ણયપ્રક્રિયા, પારદર્શક નીતિઓ અને ઔદ્યોગિક વિકાસની સંભાવનાઓ પર ભાર મૂક્યો હતો. તેમના જણાવ્યા અનુસાર, ગુજરાત ભારતના આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે રોકાણની વ્યાપક તકો ધરાવે છે. સંઘવીએ રજૂ કરેલા આંકડા મુજબ, દેશની આશરે પાંચ ટકા વસ્તી ધરાવતું ગુજરાત ભારતના કુલ જીડીપીમાં આઠ ટકાથી વધુ યોગદાન આપે છે. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં રાજ્યનો હિસ્સો આશરે ૧૮ ટકા છે, જ્યારે ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો લગભગ એક તૃતીયાંશ છે. દેશના કુલ કાર્ગો હેન્ડલિંગમાં ગુજરાતનાં બંદરોનો હિસ્સો આશરે ૪૦ ટકા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

જાપાનની કંપનીઓને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રિત કરતાં નાયબ મુખ્યમંત્રીએ સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી, ઈલેક્ટ્રિક વાહનો અને ઈલેક્ટ્રોનિક્સ જેવા ઉભરતા ક્ષેત્રોને વિશેષ મહત્ત્વ આપ્યું હતું. જાપાનની અદ્યતન ટેકનોલોજી અને ગુજરાતના કુશળ માનવબળ વચ્ચે સંકલન થાય તો વૈશ્વિક સ્તરે નવી ઔદ્યોગિક તકો ઊભી થઈ શકે છે તેવી રજૂઆત તેમણે કરી હતી. ગુજરાત અને જાપાન વચ્ચેના હાલના ઔદ્યોગિક સંબંધોનો ઉલ્લેખ કરતાં તેમણે સુઝુકી, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અને જાપાનીઝ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સને બંને પક્ષ વચ્ચેના સહયોગનાં ઉદાહરણ ગણાવ્યાં હતાં. આ ભાગીદારીને નવા ક્ષેત્રો સુધી વિસ્તારીને ગુજરાતમાં ટેકનોલોજી આધારિત ઉદ્યોગો, મૂડીરોકાણ અને રોજગારીની તકો વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ઓસાકામાં યોજાયેલી બેઠકમાં ડાઈકી એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રી, નાકાનિશિ મેટલ વર્ક્સ અને પેનાસોનિક એનર્જી સહિતની કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કન્સાઈ જાપાન-ઈન્ડિયા એસોસિએશનના પ્રતિનિધિઓ ઉપરાંત હિગાશિયોસાકા અને આશિયા શહેરોના મેયર પણ ઉપસ્થિત રહ્યા હતા. જાપાનના ઉદ્યોગજગત અને સ્થાનિક વહીવટી તંત્રના પ્રતિનિધિઓ સાથેના આ સંવાદથી ગુજરાત-જાપાન વચ્ચેના આર્થિક સંબંધોને વધુ વિસ્તૃત કરવાની તકો અંગે ચર્ચા થઈ હતી.

હર્ષ સંઘવીએ જાપાનના ઉદ્યોગપતિઓને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપતાં ગુજરાતમાં રોકાણ, સહયોગ અને સહિયારા વિકાસ માટે આગળ આવવા હાકલ કરી હતી. આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનારી સમિટને ધ્યાનમાં રાખીને જાપાનમાં ચાલી રહેલી આ કવાયતનું મહત્ત્વ વધ્યું છે. હવે આ બેઠકો અને ચર્ચાઓમાંથી કેટલા નવા રોકાણ પ્રસ્તાવો તથા લાંબા ગાળાની ઔદ્યોગિક ભાગીદારી આકાર લે છે તે આગામી સમયમાં મહત્ત્વપૂર્ણ રહેશે.

રાજ્યમાં મૂડીરોકાણ માટે 12 સિનિયર આઈએએસ પણ વિદેશ પ્રવાસે જશે

મૂડીરોકાણ આકર્ષવા વિવિધ દેશોમાં પ્રતિનિધિમંડળો જશે; અન્ય અધિકારીઓને ચાર્જ સંભાળવા સરકારનો આદેશ

ગાંધીનગરઃ ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણ આકર્ષવા અને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ની તૈયારીઓને વેગ આપવા રાજ્ય સરકારના ૧૨ જેટલા સિનિયર IAS અધિકારીઓ વિવિધ દેશોના પ્રવાસે જવાના હોવાથી રાજ્યના વહીવટી તંત્રમાં જવાબદારીઓની અદલાબદલી કરવામાં આવી છે.

આ અધિકારીઓની ગેરહાજરી દરમિયાન વહીવટી કામગીરી ખોરવાય નહીં અને વિભાગોના રોજિંદા નિર્ણયો તથા કામગીરી ચાલુ રહે તે માટે સામાન્ય વહીવટ વિભાગે ચાર્જ સોંપવાનો આદેશ કર્યો છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાવાની છે. સમિટ પહેલાં ગુજરાતમાં વધુ મૂડીરોકાણ લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે સંપર્ક અને રોકાણકારો સાથે સંવાદની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ જ પ્રક્રિયાના ભાગરૂપે વિવિધ પ્રતિનિધિમંડળોમાં સામેલ થનારા અધિકારીઓની ગેરહાજરી દરમિયાન તેમના વિભાગોની જવાબદારી અન્ય અધિકારીઓ સંભાળશે. સામાન્ય વહીવટ વિભાગના ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ના આદેશ અનુસાર, અધિકારીઓ વિદેશ પ્રવાસે હોય તે સમયગાળા દરમિયાન તેમના હોદ્દાનો ચાર્જ અન્ય IAS અધિકારીઓને સોંપવામાં આવ્યો છે.

આ વ્યવસ્થામાં સામાન્ય વહીવટ, મહેસૂલ, ઉદ્યોગ અને ખાણ, શ્રમ-કૌશલ્ય વિકાસ, નાણાં, વિજ્ઞાન અને ટેક્નોલોજી, પંચાયત-ગ્રામ વિકાસ, ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ સહિતના વિભાગો અને સંસ્થાઓની જવાબદારીઓનો સમાવેશ થાય છે.

કોના બદલે કોણ ફરજ બજાવશે

આદેશ મુજબ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માની ગેરહાજરીમાં નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન ચાર્જ સંભાળશે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ એસ. રવિની જવાબદારી બી.એ. શાહને સોંપાઈ છે. ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ મમતા વર્માની ગેરહાજરીમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો જવાબદારી નિભાવશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ લોચન સેહરાની જગ્યાએ વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ વિનોદ રામચંદ્ર રાવ ચાર્જ સંભાળશે. રાજ્ય કરવેરા વિભાગના મુખ્ય કમિશનર રૂપવંત સિંહની જવાબદારી ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર અજય ભાદૂને સોંપવામાં આવી છે. ઉદ્યોગ કમિશનર સ્વરૂપ પી.ની ગેરહાજરીમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મિલિંદ શિવરામ તોરવણે, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગનાં સચિવ પોનુગુમતલા ભારતીની જગ્યાએ પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી ચાર્જ સંભાળશે. નાણાં વિભાગના ખર્ચ વિભાગના સચિવ જેનુ દેવાનની ગેરહાજરીમાં નાણાં વિભાગના આર્થિક બાબતોના સચિવ સંદીપ કુમારને જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનાં ઉપાધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર પ્રવીણા ડી.કે.ની ગેરહાજરીમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવ કુલદીપ આર્ય ચાર્જ સંભાળશે. ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તથા મત્સ્યોદ્યોગ કમિશનર વિજયકુમાર લાલુભાઈ ખરાડીની જગ્યાએ સમગ્ર શિક્ષા પ્રોજેક્ટના રાજ્ય પ્રોજેક્ટ ડિરેક્ટર નાગરાજન એમ.ને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત આયોજન વિભાગનાં સચિવ અદ્રા અગ્રવાલની ગેરહાજરીમાં રતનકંવર એચ. ગઢવીચારણ, ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ વિભાગના કમિશનર ડૉ. ધવલકુમાર કિરીટકુમાર પટેલની જગ્યાએ ગૃહ વિભાગના અધિક સચિવ હર્ષિત પૃથ્વીરાજ ગોસાવી તથા રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટની જવાબદારીઓ માટે પણ વૈકલ્પિક ચાર્જની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પહેલાં રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે રોકાણકારો સાથે સંપર્ક સાધવા જશે ત્યારે સચિવાલય અને સંબંધિત વિભાગોની વહીવટી કામગીરી સતત ચાલુ રહે તે માટે સરકાર દ્વારા ચાર્જની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગુજરાતમાં રૂ. ૧૯.૪૧ કરોડનું ૧૩ કિલો દાણચોરીનું સોનું જપ્ત

અમદાવાદ અને સુરત એરપોર્ટ મારફતે સોનાની હેરાફેરી, ત્રણની ધરપકડ

ગાંધીનગરઃ અમદાવાદ અને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મારફતે વિદેશી મૂળનું સોનું દેશમાં લાવી, વડોદરામાં ગેરકાયદે ઓગાળીને અમદાવાદની જ્વેલરી શોપ મારફતે વેચાણ કરવાના કથિત કૌભાંડમાં આશરે રૂ. ૧૯.૪૧ કરોડની કિંમતનું ૧૩.૦૧૭ કિલો સોનું ડીઆરઆઈની તપાસના ઘેરામાં આવ્યું છે. આ કેસમાં ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં દુબઈ સ્થિત નાણાંકીય સહાય પૂરી પાડનાર વ્યક્તિ સાથે જોડાણ ધરાવતા નેટવર્કની વિગતો પણ સામે આવી છે.

ડીઆરઆઈના અધિકારીઓએ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬થી શંકાસ્પદો પર નજર રાખીને આશરે ૪૨ કલાક સુધી સંકલિત કાર્યવાહી હાથ ધરી હતી. તપાસમાં સોનાની હેરાફેરીની અનેક કડીઓ બહાર આવી છે. વિદેશથી આવતા મુસાફરો દ્વારા સોનું છુપાવીને લાવવું, એરપોર્ટની બહાર હેન્ડલર્સને સોંપવું, મધ્યસ્થીઓ મારફતે વડોદરાના ગેરકાયદે મેલ્ટિંગ યુનિટ સુધી પહોંચાડવું અને ત્યારબાદ અમદાવાદની જ્વેલરી શોપ મારફતે રોકડમાં વેચાણ કરવું–આ સમગ્ર પદ્ધતિની તપાસ કરવામાં આવી રહી છે. ડીઆરઆઈની પ્રાથમિક તપાસમાં સોનું છુપાવીને લાવવા માટે અલગ-અલગ પદ્ધતિઓનો ઉપયોગ થતો હોવાની વિગતો સામે આવી છે. તેમાં રોડિયમનું પડ ચડાવેલા સોનાના પાતળા તાર, ટ્રોલી બેગના અંદરના અસ્તરમાં છુપાવેલું સોનું અને બેગના અંદરના ભાગમાં છુપાવેલી સોનાની પેસ્ટનો સમાવેશ થાય છે.

એરપોર્ટ પર પહોંચ્યા બાદ આ સોનું બહાર હેન્ડલર્સને સોંપવામાં આવતું હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ મધ્યસ્થીઓ દ્વારા તેને વડોદરા સ્થિત ગેરકાયદે સોનું ઓગાળવાના એકમ સુધી પહોંચાડવામાં આવતું હતું. ઓગાળ્યા બાદ સોનાને રોકડ સામે વેચાણ માટે અમદાવાદની એક જ્વેલરી શોપમાં મોકલવામાં આવતું હોવાની વિગતો પણ તપાસમાં સામે આવી છે.

દરોડામાં ૮૯૦ ગ્રામ સોનું અને અન્ય પુરાવા મળ્યા

સંકલિત કાર્યવાહીના એક તબક્કામાં આશરે ૮૯૦ ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગેરકાયદે ઓગાળવામાં આવેલા આશરે ૬.૪૧ કિલો સોના સાથે સંબંધિત ગુનાહિત પુરાવા પણ મળી આવ્યા હતા. અમદાવાદની જ્વેલરી શોપમાં વધુ તપાસ દરમિયાન બિનહિસાબી વિદેશી મૂળના સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા. સાથે જ દુબઈ સ્થિત સિન્ડિકેટના મુખ્ય નાણાંકીય સહાયક સાથે જોડાયેલા અલગ હેન્ડલર મારફતે મોકલવામાં આવેલા આશરે ૫.૮ કિલો દાણચોરીના સોનાના વ્યવહારોને લગતા રેકોર્ડ્સ પણ મળી આવ્યા હતા. આ આંકડાઓ અલગ-અલગ તબક્કાની જપ્તી અને તપાસમાં મળેલા પુરાવાઓ સાથે સંબંધિત છે. તેથી રૂ. ૧૯.૪૧ કરોડના ૧૩.૦૧૭ કિલો સોનાના સમગ્ર કેસને માત્ર એક જ સ્થળેથી થયેલી જપ્તી તરીકે જોવાનો નથી.

દુબઈ સ્થિત નાણાંકીય સહાયકની ભૂમિકાની તપાસ

ડીઆરઆઈની તપાસમાં હેન્ડલર, નાણાંકીય સહાયક, ગેરકાયદે મેલ્ટિંગ યુનિટના સંચાલક અને અન્ય મુખ્ય વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી છે. પ્રાથમિક વિગતો મુજબ, દુબઈ સ્થિત નાણાંકીય સહાયકના સમર્થનથી આ નેટવર્ક કાર્યરત હોવાની આશંકા છે. જોકે, સમગ્ર નેટવર્કમાં દરેક વ્યક્તિની ચોક્કસ ભૂમિકા અને નાણાંકીય વ્યવહારો અંગે તપાસ ચાલુ છે. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરીને રેવન્યૂ ઈનટેલીજન્સે આગળની તપાસ હાથ ધરી છે. એરપોર્ટથી સ્થાનિક બજાર સુધી સોનાની હેરાફેરીની દરેક કડીને તપાસના દાયરામાં લઈને દાણચોરીના નેટવર્કને તોડી પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.